પેપર નં. ૩

પ્રશ્ન : ૧ (અ) નીચેના ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના દસ લીટીમાં સવિસ્તાર ઉત્તર લખો. **(૧૦)**

(૧) મરતા વેણુએ જુમાને શી રીતે બચાવ્યો ? તેના મૃત્યુ પછી જુમો શું કરતો દેખાય છે ?

(૨) મૃણાલ પાસે મુંજને ભિક્ષા મંગાવવાનું તૈલયે શા માટે વિચાર્યું ? મૃણાલે શા માટે તે કબૂલ કર્યું ?

(૩) જોગના ધોધ કેટલા છે ? કયાં કયાં ? દરેકનો ટૂંકો પરિચય આપો.

(બ) નીચેના બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો વિગતવાર જવાબ લખો. **(૪)**

(૧) ચિરાયુની વાર્તાનું તાત્પર્ય.

(૨) શ્રુતિને સુખી કરવા માટે સુહાસ અને શીલાએ કરેલા પ્રયત્નો.

(ક) નીચેના બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. **(૪)**

(૧) કલ્યાણીના લગ્ન પછી જિદુનાથની વેદના અને તેનું પરિણામ.

(૨) 'ફકત પંદર મિનિટ' માં રવિપ્રસાદે પોતાની એકલતા દૂર કરવા કરેલા ઉપાય.

(ડ) નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો. **(૨)**

(૧) ઘરે પાછી આવેલી ભેંસને પસવારતા કુંવરને આંસું કેમ આવ્યા ?

(૨) દાકતર તરીકે લોકપ્રિય થવા માટે જીતુભાઈએ કયા કયા નુસખા અજમાવ્યા હતા ?

પ્રશ્ન : ૨ (અ) નીચેના ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના દસ લીટીમાં સવિસ્તાર ઉત્તર લખો. **(૧૦)**

(૧) 'ભજ રે ભજ તું' પદમાં નરસિંહ મહેતાએ ગાયેલા શ્રીકૃષ્ણ ભકિતનો મહિમા વર્ણવો.

(૨) 'ઝાડ, ખિસકોલીઓ, પરોઢિયું અને' ગીતમાં કવિએ કરેલું પરોઢિયાનું વર્ણન તમારા શબ્દોમાંકરો.

(૩) 'ફૂલડાં-કટોરી' કાવ્યનું રૂપક સ્પષ્ટ કરો.

(બ) નીચેના બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો વિગતવાર જવાબ લખો. **(૪)**

(૧) અભિમન્યુને ભીડવવા કૌરવપક્ષી યોદ્ધાઓએ કરેલા પ્રપંચી વ્યવહારો વર્ણવો.

(૨) ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં જવું જોઈએ. આ વાત કવિએ કરી રીતે વ્યકત કરેલ છે ?

(ક) નીચેના બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આઠ લીટીમાં જવાબ લખો. **(૪)**

(૧) અબોલા રાણીના અબોલા છોડાવવા વિક્રમરાજાએ કઈ યુકિત કરી ? તેનું શું પરિણામ આવ્યું ?

(૨) 'સાંજ પહેલાની સાંજ' કાવ્યના આધારે સાંજ અને બપોર વચ્ચેનો ભેદ તારવો.

(ડ) નીચેનામાંથી કોઈપણ બે માંથી એકનો ટૂંકમાં ઉત્તર લખો. **(૨)**

(૧) પતિને ચાકરીએ જતાં પત્ની શા માટે રોકે છે ?

(૨) અખાના મતે કેવા ગુરુ ભવસાગર પાર કરાવી શકે નહિ ?

પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા વિષયોના મુદ્દાને ધ્યાનમાં રાખીને કોઈપણ એક વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો. **(૧૦)**

(૧) **ઉનાળાની મજા અને સજા** (પ્રસ્તાવના - ઉનાળાના બપોરનું રૂપ - નિર્જન વાતાવરણ - માનવ અને પ્રકૃતિ પર અસર - પ્રકૃતિ પ્રેમીની દૃષ્ટિએ - ઉપસંહાર)

(૨) **પરિશ્રમ એ જ પારસમણિ** (પ્રસ્તાવના- પરિશ્રમનું મહાત્વ - શાળાઓમાં શ્રમનું ગૌરવ - શિક્ષિત સમાજની વૃત્તિ - વિદેશમાં શ્રમનું ગૌરવ - મહાપુરૂષોનો શ્રમયજ્ઞ - ઉપસંહાર)

(બ) તમારી શાળામાં ઉજવાયેલ 'રમોત્સવ' વિશે આશરે ૧૦૦ શબ્દોમાં યોગ્ય અહેવાલ તૈયાર કરો. **(૫)**

(ક) આપેલા ગદ્યખંડ વાંચીને તેનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરો અને તેને યોગ્ય શીર્ષક આપો. **(૫)**

મનુષ્યમાત્રનો પોતાના પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શકિતને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઇ મદદ વિના દુઃખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન જગતની સેવા બીજી રીતે અશકય છે, જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે, તે કેવળ પોતાના માટે જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શકિત હોવી જોઇએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઇ શકે.

- ગાંધીજી

પ્રશ્ન : ૪ (અ) નીચેનું કાવ્ય વાંચી નીચે આપેલા પાંચ પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો. **(૫)**

મનુષ્ય ! આદેશ તને હતો શો ?
સોહામણું વિશ્વ સમાનતાનું, સત્પ્રેમનું મંદિર એક મારું
કહેલું સારું રચવા મહાન
તેં બુધ્ધિમાને મુજ શબ્દ માની ઊભી કરી મંદિર હારમાળા,
માંગલ્ય કે સ્નેહ મમત્વની ના, કઠોર ઇંટો જડ પથ્થરોની
ન મંદિરોમાં તુજ, વિશ્વ આવ્યું, મારું, જગે મંદિર ના સમાવ્યું.
બે વસું કયાં હું ? ન સ્થાન મારું બહાર કે અંદર હું ન જાણું !
વિશ્વાસઘાતી તું મનુષ્ય ! નીવડયો.
સંદેશ સાચો મુજ તે જીરવ્યો.

પ્રશ્ન : (૧) મનુષ્યને ઉદ્દેશીને આ કાવ્યમાં કોણ બોલી રહયું છે ?
(૨) મનુષ્યને માટે કયું કટાક્ષયુકત વિશેષણ વપરાયું છે ?
(૩) ઇશ્વરે મનુષ્યને શાનો આદેશ આપ્યો હતો ?
(૪) મનુષ્યને 'વિશ્વાસઘાતી' શા માટે કહયો છે ?
(૫) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(બ) નીચેનામાંથી કોઇપણ એકનો આશરે દસ લીટીમાં વિચાર વિસ્તાર કરો. **(૫)**

(૧) છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલુ,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

(૨) ઊગે કમળ પંકમાં તદપિ દેવ શિરે ચડે.
નહિ કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.

(૬) (૧) નીચે આપેલા વિધાનોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર શોધી લખો. **(૨)**

(૧) જુમો દસ વર્ષનો હતો ત્યારે.....

(અ) ઝૂંપડામાં રહેતો હતો.

(બ) પખાલીનું કામ કરતો હતો.

(ક) હાથી પર બેસીને પરણવા ગયો હતો.

(૨) મીરાંએ આંબલિયાની ડાળ પકડી છે એટલે.....

(અ) આંબાના વૃક્ષોની એક ડાળ પકડી છે.

(બ) પ્રભુના આશ્રયરૂપી ડાળ પકડી છે.

(ક) રાણાનો હાથ પકડયો છે.

(૨) (અ) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંની સાચી ઉક્તિ શોધીને લખો. **(૧)**

'અ'	'બ'
(૧) જુમો	(૧) ગોજારા તે આપણાં કુંવર
(૨) લક્ષ્મણ	(૨) તને પણ લાડ કરવાની ટેવ પડી છે.
	(૩) 'બંધુધર્મ બજાવતાં દઉં તને અન્યાય આજે અહો !'

(ખ) 'અ' વિભાગમાં દર્શાવેલી કૃતિ સામે 'બ' વિભાગમાંથી સાચી કૃતિ શોધી લખો. **(૧)**

'અ'	'બ'
(૧) મહેમાનોને સંબોધન	(૧) કાકા કાલેલકર
(૨) મધ્યાહ્નનું કાવ્ય	(૨) ઉમાશંકર જોશી
	(૩) કાન્ત

(ક) 'અ' વિભાગનાં પાત્રો સાથે 'બ' વિભાગમાંથી સાચી કૃતિ શોધીને લખો. **(૧)**

'અ'	'બ'
(૧) કમુ	(૧) દાદજી
(૨) સુહાસ	(૨) લોહીની સગાઇ
	(૩) શ્રુતિ અને સ્મૃતિ

(૪) 'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી સાહિત્ય પ્રકાર શોધીને લખો. **(૧)**

(૧) એક એકરાર	(૧) કટાક્ષિકા
(૨) તબીબી પ્રકિટસ	(૨) આત્મકથા
	(૩) લલિત નિબંધ

(૩) કાવ્યપૂર્તિ કરો. **(૪)**

પર્વતને નામ .....

..... આજે જાણી.

પ્રશ્ન : ૫ સુચના પ્રમાણે કરો.

(ક) નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (૨)

કિર્તિ, વિજળી, યુનિવર્સીટી, ચંદ્રબીંબ

(ખ) (૧) સંધિ છોડો : (૧)

(૧) ઉજજડ (૨) કદાપિ

(૨) સંધિ જોડો : (૧)

અભિ + આસ, ચિંતા + આતુર

(ગ) (૧) નીચેના બે સમાસના પ્રકાર લખો. (૧)

(૧) પરદેશ (૨) ફૂલડાં-કટોરી

(૨) નીચેના બેના શબ્દસમૂહ માટે એક-એક શબ્દ આપો. (૧)

(૧) ઢોરને ખાવાની એક પ્રકારની વનસ્પતિ

(૨) ખૂટે નહિ તેવું.

(ઘ) (૧) આપેલા વાકયનું સૂચના પ્રમાણે રૂપાંતર કરો. (૧)

(૧) મનુએ સોયમાં દોરો પરોવ્યો. (પ્રેરક વાકય રચના કરો)

(૨) મોરના ઈંડાં કોનાથી ચિતરાય છે ? (કર્મણ વાકય રચના કરો)

(૨) આપેલા વાકયનું સૂચના પ્રમાણે રૂપાંતર કરો. (૧)

(૨) રડી પડવાથી શું થઇ જવાનું છે ? (વિધાન વાકય બનાવો.)

(૧) હવે હું તારી સાથે જ રહું છું. (નિષેધ વાકય બનાવો.)

(ચ) (૧) નીચેના છંદના પ્રકારનું નામ લખો (૧)

(૧) ન તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો.

(૨) જયાં જયાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.

(૨) છંદ ઉદાહરણ આપો. : દોહરા (૧)

(છ) (૧) બે અલંકારના ફકત પ્રકાર લખો. (૧)

(૧) બપોર એક મોટું શિકારી કૂતરું છે.

(૨) અકળાઇ પડયો અવની વિષે, જાણે ભાંગ્યો ચંપાનો છોડ.

(૨) અલંકારનું ઉદાહરણ આપો : ''અનન્વય'' (૧)

(જ) (૧) માંગેલ એક રૂઢિપ્રયોગનો અર્થ આપો તેનો વાકય પ્રયોગ કરો. (૧)

હરખ પદૂડાં થઇ જવું.

(૨) કહેવતનો અર્થ સમજાવો : પાકા ઘડે કાંઠા ન ચડે. (૧)

(ઝ) (૧) બે પર્યાય શબ્દો આપો : વસુંધરા, ભરથાર (૧)

(૨) બે તળપદા શબ્દોનાં શિષ્ટરૂપો આપો : અભેમાન, વાવડ (૧)

(ટ) નીચેના આપેલ વાકયનું વિશ્લેષણ કરો. (૨)

એક જોશીએ ભાખ્યું હતું કે આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઇ જશે.

(ઠ) (૧) વાકયને યોગ્ય પદક્રમ જાળવીને ફરીથી લખો. (૧)

આ બધું જ બેબી છે છૂટવું મારે માટે કરી.

(૨) નીચેના શબ્દોની ભાવવાચક સંજ્ઞા બનાવો. : શિશુ, મહાન (૧)

* * * * *